**Shikshan Sanshodhan** : Journal of Arts, Humanities and Social Sciences ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 7.384
Volume - 8, Issue - 9, September - 2025

DOIs:10.2018/SS/202509001 --:-- Research Paper / Article / Review

# લોકસાહિત્યનાં પ્રેરકબળો

**ડૉ.રવિકુમાર આર. વસાવા**
**આસિસ્ટન્ટ પ્રોફેસર, બી વી ડી આર્ટસ - કોમર્સ કોલેજ, બાપુનગર, અમદાવાદ**
Email - ravikumarvasava@gmail.com

સારાંશ: લોકસાહિત્ય માનવીના જીવનસર્જનની સહજ અભિવ્યક્તિ છે, તેમજ માનવજીવનની અંદરથી વહેતી ભાવના, અનુભૂતિ અને સંસ્કૃતિનું જીવંત દર્પણ છે.લોકસાહિત્ય કોઈ એક વ્યક્તિની કલ્પના કે લેખન પ્રક્રિયા નથી, પરંતુ એક સમૂહના અનુભવો, સંસ્કારો અને જીવનમૂલ્યોનું સામૂહિક સાહિત્ય છે. લોકસાહિત્ય એ માનવજીવનનું જીવંત પ્રતિબિંબ છે, કે જે માનવીની લાગણીઓ, વિચાર, માન્યતાઓ અને અનુભૂતિઓને કથાઓ, ગીતો, નાટ્ય, કહેવતો અને પરંપરાઓના સ્વરૂપમાં રજૂ કરે છે. આ સાહિત્ય માત્ર મૌખિક કલા કે કાવ્યોનો સમૂહ નથી, પરંતુ સમાજના સાંસ્કૃતિક જીવનનું, પરંપરાનું અને માનવીય મૂલ્યોનું જીવંત દર્પણ પણ છે.કે જ્યાં આનંદ, શોક, પ્રકૃતિ, શ્રમ, વીરતા, ભક્તિ અને મનોરંજન એકસાથે ધૂંટાયેલા જોવા મળે છે.

લોકસાહિત્યના પ્રેરકબળોમાં લોક કે સમાજનો પ્રભાવ પ્રથમ અને ઉત્તમ પ્રેરકબળ ગણાવી શકાય, કારણ કે પ્રત્યેક સાહિત્યનાં મૂળતત્ત્વ વિશે વિચાર કરતાં યથાર્થ રીતે કહેવાયું છે, કે Literature is a mirror of society - સાહિત્ય એ સમાજનું દર્પણ છે.બીજું પરિબળ સંઘોર્મિનું સાહિત્ય છે. લોકસાહિત્ય એ કોઈ એક વ્યક્તિએ ખૂણે બેસીને લખેલું સાહિત્ય નથી પરંતુ સમગ્ર સમાજની સંઘોર્મિનો સરવાળો છે. લોકસાહિત્યને પ્રેરણા પૂરી પાડનારું ત્રીજું પ્રેરકબળ પરંપરાગત અભિવ્યક્તિ છે. મોટાભાગના લોકવિદ્યાવિદો 'લોકવિદ્યા' (folk-lore)નો અર્થ 'પરંપરાગત અભિવ્યક્તિ' એવો કરતાં આવ્યા છે.ધાર્મિક પ્રેરણા સૌથી પ્રબળ પરિબળ છે. માનવજીવનમાં શ્રદ્ધા અને ભક્તિનું સ્થાન અનન્ય છે, અને તે લોકગીતો, ભજન, ભક્તિકાવ્ય અને નાટ્યમાં ઝળહળે છે સામાજિક પ્રેરકબળો લોકસાહિત્યને માનવજીવનના વ્યાપક સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી મજબૂત બનાવે છે. સમાજની રચના, પરિવારની પરંપરા, જન્મ, લગ્ન, મૃત્યુ અને પર્વોની ઉજવણી લોકગીતો, કહેવતો અને લોકકથાઓના સ્વરૂપમાં દર્શાવવામાં આવે છે આર્થિક પ્રેરકબળ માનવીના જીવનસંઘર્ષ અને શ્રમજીવનને દર્શાવે છે ઐતિહાસિક અને રાજકીય પ્રેરકબળ વીરગાથાઓ, શૂરવીરતાના કાવ્યો અને રાષ્ટ્રભક્તિના ગીતોમાં નજરે પડે મનોરંજન પ્રેરકબળ જીવનમાં આનંદ, હાસ્ય અને રમૂજને રજૂ કરે છે.

લોકસાહિત્યને જન્મ આપનારા પ્રેરકબળો વિવિધ સ્તરે માનવ જીવનને સ્પર્શે છે. ધાર્મિક, સામાજિક, ઐતિહાસિક, આર્થિક, પ્રકૃતિ,પરંપરા અને વિધિ, કલાત્મક, નૈતિક, મનોરંજન અને લોકવિશ્વાસ પ્રેરકબળો છે આ પ્રેરકબળો લોકસાહિત્યને જીવંત, રંગીન અને સામૂહિક બનાવે છે.અહી લોકસાહિત્યને પ્રેરિત કરનારા આ બળોને સાહિત્યિક દૃષ્ટિએ વિશ્લેષિત કરી, ઉદાહરણો સાથે સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ સંશોધન દર્શાવે છે કે લોકસાહિત્ય માત્ર કલા કે સાહિત્ય નહી, પરંતુ તે જીવન, સમાજ, પરંપરા, માનવીય ભાવ અને આધ્યાત્મિક

શક્તિઓનું જીવંત પ્રતિબિંબ છે. તેના પ્રેરકબળો દરેક પેઢીને સમૃદ્ધ સાંસ્કૃતિક, સામાજિક અને આધ્યાત્મિક સમજ આપે છે આ સંશોધન પત્રમાં, લોકસાહિત્યના વિવિધ પ્રેરકબળોને સમીક્ષા કરીને બતાવવામાં આવ્યા છે

આ સંશોધનાત્મક લેખનો મુખ્ય ઉદ્દેશ લોકસાહિત્યના ઉદ્ભવ અને વિકાસ પાછળ કાર્યરત વિવિધ પ્રેરકબળોનું વિશ્લેષણ કરવાનો છે. લોકસાહિત્ય એ કોઈ એક વ્યક્તિની રચના નથી, પરંતુ તે સમાજની સામૂહિક અભિવ્યક્તિ છે, જે પેઢી દર પેઢી મૌખિક પરંપરા દ્વારા જીવંત રહે છે. આ લેખમાં, આપણે ધાર્મિક, સામાજિક, ઐતિહાસિક, ભૌગોલિક અને માનસિક પરિબળોની લોકસાહિત્ય પરની અસરનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીશું. આ અભ્યાસનો હેતુ એ સમજવાનો છે કે લોકસાહિત્ય કેવી રીતે સમાજની ઓળખ, મૂલ્યો, અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે અને તેને જીવંત રાખે છે.

**ભૂમિકા:**

લોકસાહિત્ય એ માનવીના પ્રાચીન જીવનનો મૌખિક વારસો છે. જ્યારે માનવજાત લેખનકલા શીખી નહોતી, ત્યારે પોતાના અનુભવો, આશા-આકાંક્ષા, આનંદ-વેદના,શ્રદ્ધા-અંધશ્રદ્ધાને તેણે શબ્દ, સંગીત અને કથાના સ્વરૂપે વ્યક્ત રજૂ કર્યા. આ અભિવ્યક્તિ પેઢીદર પેઢી મૌખિક પરંપરા દ્વારા વહેતી રહી જેને આપણે લોકસાહિત્ય તરીકે ઓળખીએ છીએ. લોકસાહિત્ય માત્ર કલાત્મક મનોરંજન પૂરતું નથી, પરંતુ તેમાં સમાજના વિચાર, સંસ્કૃતિ, ધર્મ, આચાર-વ્યવહાર, જીવનપદ્ધતિ, સંઘર્ષ, આશા અને મૂલ્યોનું પ્રતિબિંબ જોવા મળે છે. આ માટે જ લોકસાહિત્યના સર્જન પાછળ રહેલા પ્રેરકબળોનું અધ્યયન ખૂબ મહત્વપૂર્ણ છે લોકસાહિત્યનો અભ્યાસ કરીએ ત્યારે સ્પષ્ટ થાય છે કે આ સર્જન કોઈ ખાલી સમયમાં, નિરર્થક મનોરંજન માટે જ થયું નથી. પરંતુ દરેક લોકગીત, દરેક કહેવત, દરેક ગાથા પાછળ કોઈ ને કોઈ પ્રેરકબળ કાર્યરત રહ્યું છે. આ પ્રેરકબળોનું વિશ્લેષણ કરીએ ત્યારે આપણને માત્ર લોકસાહિત્ય જ નહીં, પરંતુ સમગ્ર લોકજીવનની સામૂહિક ચેતનાનું અધ્યયન કરવાની તક મળે છે.

**લોકસાહિત્યનાં પ્રેરકબળો :**

લોકસાહિત્યનો ઉદ્દભવ પણ અન્ય સાહિત્યની જેમ કેટલાક વિશિષ્ટ કારણોને સંદર્ભે થયો છે. કોઈપણ સાહિત્ય જ્યારે સર્જાય છે ત્યારે માત્રને માત્ર છીછરી સપાટી પરનું હોતું નથી પરંતુ સાહિત્ય વિશે મેથ્યુ આર્નોલ્ડ કહે છે તેમ Literature is a criticism of life અર્થાત્ જે-તે સાહિત્યમાં તે તે પ્રજાનું પ્રતિબિંબ પડેલું હોય છે. એટલું જ નહીં, સમાજની આદિમ ને અર્વાચીન જીવનની સતત બદલાતી તાસીરની જીવંત સમીક્ષા છે. તેના પાયામાં આદિકાળથી જીવાતું આવેલું સાહજિક લોકજીવન છે. ભલે લોકસાહિત્ય ભલે અશિક્ષિતોનું સાહિત્ય ગણાતું હોય આમ છતાં તેમાં એટલી બધી શુદ્ધતા હોય છે કે શિષ્ટસાહિત્યની છાપ તેમાં જોવા મળે છે.માનવજીવનનાં અનેકવિધ ઉતાર-ચઢાવ લોકસાહિત્યનાં સર્જનને પોષે છે.અહીં લોકસમુદાયનાં સ્વભાવમાંથી ઉદ્દભવેલી લોકસાહિત્યની ધારાનાં પ્રેરક-પોષક પરિબળો કયાં અને કેવાં હતાં તે હવે જોઈએ:

**(1) લોક કે સમાજનો પ્રભાવ:**

લોકસાહિત્યનું પ્રથમ અને ઉત્તમ પ્રેરકબળ લોક કે સમાજના પ્રભાવને ગણાવી શકાય. કારણ કે પ્રત્યેક સાહિત્યનાં મૂળતત્ત્વ વિશે વિચાર કરતાં યથાર્થ રીતે કહેવાયું છે કે Literature is a mirror of society - સાહિત્ય એ

સમાજનું દર્પણ છે.આ ઉક્તિ લોકસાહિત્યના સંદર્ભે પણ એટલી જ પ્રસ્તુત લાગે છે. માનવસમાજની દરેક લોકસંસ્કૃતિ, લોકવિદ્યા, લોકપરંપરા, લોકોત્સવો કે લોકસાહિત્ય એના પ્રાકૃતિક સ્વભાવ અને પ્રભાવને પ્રતાપે અસ્તિત્વમાં આવ્યાં છે.

આદિકાળથી અભણ-અશિક્ષિત અને અસ્મિકૃત અવસ્થામાં જીવતો આવેલો લોકસમાજ પોતાની પ્રાકૃતિક જીવન-પ્રણાલિકાઓમાં સતત નવચેતના આણતો રહ્યો, અરસપરસ વિચાર-વ્યવહારનું આદાનપ્રદાન કરતો રહ્યો તે બધાનો સંચય લોકસાહિત્યમાં છે. એમાં લોકસમાજની નાનાવિધ પ્રવૃત્તિઓ પ્રતિબિંબિત થયેલી જોઈ શકાશે. જેમ કે મેળા કે ઉત્સવપ્રસંગે ગવાયેલી ગીત રચનાઓ, ધાર્મિક અવસરે થતા વિધિ-વિધાનો, અબાલવૃદ્ધ સૌના કુતૂહલને સંતોષવા અને જીવનપાથેય પૂરું પાડવા કહેવાતી લોકવાર્તાઓ, શુભ પ્રસંગે ગવાતાં લગ્નગીતો કે વ્રતગીતો, વડીલજનો દ્વારા ઉચ્ચારાયેલાં અનુભવવાણીસમા ઉખાણાં, કહેવતો, વાર્તાઓ કે સ્વજન મૃત્યુના શોકસમયે હૃદયગુહામાંથી ઉઠેલા મરશિયાઓ એ બધું લોકસમાજની સરજત છે. એ એકાધિક લોકો દ્વારા પ્રગટ્યું છે અને સમાજે એને છાતી સરસું ચાંપી રાખીને સાચવ્યું છે. તેથી લોકસાહિત્યને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડનારું એક અત્યંત મહત્ત્વનું પ્રેરકબળ તરીકે લોક કે સમાજના પ્રભાવને ગણવામાં આવે છે.

**(2) સંઘોર્મિનું સાહિત્ય :**

લોકસાહિત્ય એ કોઈ એક વ્યક્તિએ ખૂણે બેસીને લખેલું સાહિત્ય નથી પરંતુ સમગ્ર સમાજની સંઘોર્મિનો સરવાળો છે. તેથી જ લોકસાહિત્યને સમાજની સામૂહિક ધરોહર કહેવાય છે. લોકસાહિત્યનો તો જાણે ગુરુમંત્ર છે : 'संघम् शरणं गच्छामि' કારણ કે એ કોઈ એક વ્યક્તિનું સર્જન નથી, સમગ્ર સમાજનું સામુહિક સર્જન છે. એથી એમાં જે સંવેદન કે વિચાર, વ્યથા-વેદના કે આનંદ-ઉત્સવ વર્ણવાયો હોય છે તે વ્યક્તિગત નહીં પણ સંઘોર્મિની સંપત્તિ બને છે. એને કારણે સંઘોર્મિ એ લોકસાહિત્યનું બીજું મહત્ત્વપૂર્ણ પ્રેરકબળ બને છે.

વળી લોકસાહિત્યમાં એવી કોઈ આકર્ષક મોહિની પડેલી છે કે જેને કારણે એની સાથે સમાજ એક યા બીજા સ્વરૂપે હૃદયનાં તાંતણે બંધાતો દોરવાતો રહ્યો છે. એ સાહિત્યમાં જે કંઈ ગવાયું, લખાયું, કહેવાયું તે આત્મનેપદી ભાવથી નહીં, પણ પરસ્મૈપદી ભાવથી ગવાયું છે. એમાં ગવાયેલું લગ્નગીત કે વ્રતગીત કોઈ એક વ્યક્તિ કે વિસ્તારનું નથી, એ સમગ્ર સમાજ અને સમૂદાયની સંઘોર્મિનું પ્રતીક તરીકે ગવાયું. એમાં કહેવાયેલી લોકકથા, દંતકથા, કહેવતો કે વાર્તાઓ પણ કોઈ એક વિસ્તાર કે સમૂદાયની નથી, સંઘોર્મિના જ છે. એ સમગ્ર સમાજની સહિયારી સંપત્તિ હોઈ, સર્વને એમાં કશુંક ઉમેરણ કે પાઠાંતર કરવાની છૂટ હતી. આમ, દેહમાં જેવું સ્થાન આત્માનું હોય છે. તેવું જ લોકસાહિત્યમાં સંઘોર્મિનું રહેલું છે. તેથી લોકસાહિત્ય વિશે એમ કહી શકાય કે, લોકસાહિત્ય એટલે સૌનું સહિયારું, સૌની સ્વબોલી ભાષામાં કહેવાયેલું, સમૂહભોગ્ય એવી સાહજિક સંઘોર્મિને અભિવ્યક્ત કરતું સાહિત્ય.

**(3) પરંપરાગત અભિવ્યક્તિ :**

લોકસાહિત્યને પ્રેરણા પૂરી પાડનારું ત્રીજું પ્રેરકબળ પરંપરાગત અભિવ્યક્તિ છે. મોટાભાગના લોકવિદ્યાવિદો 'લોકવિદ્યા' (folk-lore)નો અર્થ 'પરંપરાગત અભિવ્યક્તિ' એવો કરતાં આવ્યા છે. લોકસાહિત્યના તાત્ત્વિક સ્વભાવ મુજબ પણ એ વાત અર્થપૂર્ણ લાગે છે. મૂળભૂત સ્વરૂપે folk-lore મૌખિક પરંપરામાં જ ગવાતું અને સચવાતું તેથી એ folk-loreની જ એક પ્રશાખા લોકસાહિત્ય પણ બહુ દીર્ઘકાળ સુધી કંઠપરંપરામાં જ જીવંત અને સ્થિર રહ્યું. એને લિખિતરૂપ છેક 19મી સદીના મધ્યભાગમાં મળ્યું. અહીંથી જ એક વિદ્યાશાખા તરીકે

લોકસાહિત્યનો સુવ્યવસ્થિત અભ્યાસ થવા લાગ્યો. બાકી ત્યાં સુધી તો એ સાહિત્ય મહદંશે પરંપરાગત અભિવ્યક્તિરૂપે જ મળતું હતું.
આમ, લોકસાહિત્યને જીવંતરૂપે ટકાવી રાખવા અને લિખિત રૂપ સુધી પહોંચાડવામાં પરંપરાગત અભિવ્યક્તિનો સિંહફાળો રહ્યો છે. અહીં પરંપરાઓ પેઢી-દર-પેઢી કહેવાતી સચવાતી આવી છે. દાદાએ દીકરાને, દીકરાએ એના દીકરાને કે પછી દાદીએ દીકરીને અને દીકરીએ એની દીકરીને ક્રમિકપણે પહોંચાડી. આ માનવીય પરંપરા અને સંસ્કારનો સમગ્ર વારસો લોકસાહિત્યમાં ઊતરી આવ્યો. લોકસાહિત્યના શાસ્ત્રીય અભ્યાસો અને સંશોધનો થયાં ત્યારે, એ વાત સ્પષ્ટ થતી જોવા મળી કે, લોકસાહિત્યને પ્રેરણા પૂરી પાડવામાં પરંપરાગત અભિવ્યક્તિનો બહુ મોટો ફાળો રહ્યો છે.

**(૪) રીતરિવાજો અને વિધિવિધાનો :**

લોકવાડમય પ્રસંગાનુસારી સહજોદ્દગારની સાહજિક વાણીમાં વિલસતું સાહિત્ય છે. એ સાહિત્યના પ્રચાર-પ્રસાર ઉપર લોકસમુદાયના પરંપરાગત રીતરિવાજો અને પ્રાસંગિક વિધિવિધાનોનો વિશેષ પ્રભાવ રહ્યો હોય એ સ્વાભાવિક છે. આ પ્રકારની લોકસમુદાયની વૃત્તિ-પ્રવૃત્તિઓ અમુક પ્રાસંગિક મેળાવડાઓમાં સમગ્ર સમૂહના ઉત્સવોમાં કે સામાજિક પ્રસંગો-લગ્ન જેવી ઉજવણીઓમાં જોવા મળતી. એવી જનસામુદાયિક પ્રવૃત્તિઓએ લોકસાહિત્યને પ્રેરક એવું અઢળક ભાથું પૂરું પાડ્યું છે. રીત-રિવાજ કે વિધિવિધાન અનુસાર વિવિધ ઋતુઓમાં ઋતુગીત કે ઉત્સવગીતો ગવાતાં. શિશુજન્મના અવસરે મંગળગીતો અને હાલરડાંઓ ગવાતાં, લગ્નટાણે લગ્નગીતો તો વળી મૃત્યુ સમયે મરશિયાંઓ પણ ગવાતાં હતા. આ બધી પરાપૂર્વથી ચાલી આવેલી લોકવાણી લોકસાહિત્યમાં ઝીલાઈ છે. એટલું જ નહિ, અભિજાત સાહિત્યને પણ એણે પ્રભાવિત કર્યું. પરંતુ જનસમુદાયનાં પેલા પરંપરિત ને અસલ મિજાજનો સૌથી વધુ પ્રભાવ લોકસાહિત્યમાં જોઈ શકાય છે. તેથી લોકસાહિત્યનાં પ્રેરકબળોમાં રીતરિવાજો અને વિધિવિધાનોનો ફાળો પણ મહત્ત્વપૂર્ણ ગણવામાં આવ્યો છે.

**(૫) મૌખિક પરંપરાનો પ્રભાવ :**

સમસ્ત લોકવિદ્યા એના પ્રારંભકાળથી મહદંશે મૌખિક પરંપરામાં જ સચવાયેલું હતું. એટલું જ નહીં, ઓગણીસમી સદીમાં એનો વિધિવત અભ્યાસ શરૂ થયો ત્યારે પણ લોકવિદ્યાવિદોએ આધાર તો મૌખિક પરંપરાનો જ લેવો પડ્યો. એથી લોકસાહિત્યના પ્રેરકબળોમાં મૌખિક પરંપરાનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો છે.

આપણું મોટાભાગનું સાહિત્ય કંઠોપકંઠ કે મુખપરંપરા દ્વારા પ્રસરતું, જીવતું અને પેઢી-દર-પેઢી સુધી લોકાનું કંઠાભરણ બનીને જીવંત રહ્યું છે અને આ મૌખિક પરંપરામાં ચાલી આવતી એ ધરોહર દીર્ઘકાળ સુધી એ જ સ્વરૂપે સચવાતી રહી છે. જો એ મૌખિક પરંપરા દ્વારા આપણું પુરાતન અને અસલ લોકસાહિત્ય ન સચવાયું હોત તો લોકસાહિત્યની નૂતન ધારા આજે જેટલી સમૃદ્ધ છે એટલી કદાચિત ન પણ હોત. તેથી લોકસાહિત્યનો શાસ્ત્રીય અભ્યાસ કરતાં અભ્યાસી તરીકે એની પ્રાથમિક ભૂમિકા બાંધી આપતા એમ કહી શકાય કે 'લોકસાહિત્ય એટલે લોકકંઠે, લોકજીભે, લોકહૈયે, લોકમુખે અને લોકહોઠે જીવતું મૌખિક પરંપરામાં સચવાયેલું સાહિત્ય' આમ લોકસાહિત્યના મૂળને પ્રેરનારાં-પોષનારાં તત્ત્વો તરફ દૃષ્ટિ કરતાં ઉપરોક્ત બાબતો તતક્ષણ ઊડીને આંખે ચડે.

**(૬) સામાજિક અને સાંસ્કૃતિક પ્રેરકબળ:**

સમાજ એ લોકસાહિત્યનો અરીસો છે. સમાજના રીત-રિવાજો, કુટુંબિક સંબંધો, જાતિગત વ્યવસાયો, અને સામાજિક બંધારણ લોકસાહિત્યના વિષયવસ્તુને પ્રેરણા આપે છે. જન્મથી મૃત્યુ સુધીના સંસ્કારો અને પારિવારિક સંબંધો પર આધારિત ગીતો અને કથાઓ લોકજીવનનું સચોટ ચિત્ર રજૂ કરે છે.

સામાજિક પ્રેરકબળ લોકસાહિત્યને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી મજબૂત બનાવે છે.સમાજ રચના,પરંપરા, જન્મ, લગ્ન, મૃત્યુ અને પર્વોની ઉજવણી લોકગીતો, કહેવતો અને લોકકથાઓના સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, લગ્નગીતો માત્ર ખુશીના પ્રત્યાય નહીં, પરંતુ પરિવારોને સાંપ્રદાયિક બંધન અને પરસ્પર સંવાદ દ્વારા જોડવાનું સાધન છે. આ પ્રકારની સામાજિક પ્રેરણાએ લોકસાહિત્યને સાંપ્રદાયિક એકતા અને જીવનની સામૂહિક અનુભૂતિ દર્શાવવાનું કાર્ય કરાવ્યું છે. જન્મ અને મૃત્યુનાં પ્રસંગોએ ગવાતા ગીતો વ્યક્તિ અને સમૂહ બંને માટે માનવીય લાગણીઓની અભિવ્યક્તિનું માધ્યમ બને છે, જે જીવનના વિવિધ તબક્કાઓને લયબદ્ધ રીતે પ્રત્યક્ષ કરે છે.

લોકસાહિત્ય સમાજની નાડી સાથે જોડાયેલું છે. જન્મથી લઈને મૃત્યુ સુધી માનવીના જીવનપ્રસંગોમાં લોકગીતો ગવાય છે, કહેવતો સર્જાય છે, વિધિઓ પ્રચલિત થાય છે.લગ્નગીતોમાં પ્રેમ, વિયોગ અને સામાજિક રીવાજોનું સંગીત ઝીલાય છે. જન્મગીતોમાં આશીર્વાદનું ઝરણું વહે છે.મૃત્યુગીતોમાં કરુણરસના અશ્રુઓ ટપકે છે.કહેવતો સમાજના જીવનમૂલ્યોને જનમાનસમાં કંડારે છે.સામાજિક રીત-રિવાજો અને સંસ્કારોમાં જન્મ, લગ્ન, મરણ અને અન્ય સામાજિક પ્રસંગો સાથે જોડાયેલા ગીતો, ઉખાણાં, અને વિધિઓ લોકસાહિત્યને સમૃદ્ધ બનાવે છે. લગ્નગીતોમાં સ્ત્રીના મનની લાગણીઓ, સંબંધોની મીઠાશ અને વિરહની વેદનાનું સુંદર નિરૂપણ જોવા મળે છે.કુટુંબિક અને પારિવારિક સંબંધોમાં માતા-પિતા, ભાઈ-બહેન, સાસુ-વહુ જેવા સંબંધો પર આધારિત કથાઓ અને ગીતો લોકજીવનનું સાચું ચિત્ર રજૂ થાય છે. આ વાર્તાઓ સંબંધોની જટિલતા અને મધુરતા બંનેને ઉજાગર કરે છે.આ રીતે સામાજિક પ્રેરકબળ લોકસાહિત્યને માનવીય સંબંધોનું જીવંત દર્પણ બનાવે છે

**(૭) ભૌગોલિક અને પ્રાકૃતિક પ્રેરકબળ:**

પ્રકૃતિ અને ભૌગોલિક પરિસ્થિતિઓ પણ લોકસાહિત્યને પ્રભાવિત કરે છે. જેમ પ્રદેશ બદલાય,તેમ લોકસાહિત્ય પણ બદલાય છે.પર્વતો, નદીઓ, રણ, સમુદ્ર અને જંગલો લોકગીતો અને કથાઓમાં પ્રતીકાત્મક રીતે પ્રગટ થાય છે. વરસાદ, વાવાઝોડું, અને ઋતુઓ પર આધારિત ગીતો લોકજીવનને પ્રકૃતિ સાથે જોડે છે.રણપ્રદેશના લોકગીતોમાં પાણીની અછતનો ઉલ્લેખ હોય છે, જ્યારે દરિયાકિનારાના લોકગીતોમાં માછીમારોના જીવન અને દરિયાના ભયનું વર્ણન જોવા મળે છે.પ્રાણીઓની વાર્તાઓ લોકસાહિત્યને જીવંતતા પ્રદાન કરે છે.

પ્રકૃતિ માત્ર લોકસાહિત્યનો વિષય નથી, પરંતુ તે લોકસાહિત્યની રચના અને સ્વરૂપને પણ પ્રભાવિત કરે છે.ભારતીય લોકસાહિત્યમાં દરેક ઋતુનું પોતાનું સ્થાન છે. વર્ષાઋતુના ગીતોમાં મેઘ, મોર, અને ધરતીની સુગંધનું વર્ણન હોય છે. શિયાળાના ગીતોમાં ઠંડી અને વસંતના ગીતોમાં ફૂલો અને પક્ષીઓના અવાજનું વર્ણન હોય છે. આ ગીતો પ્રકૃતિ અને માનવજીવનના અતૂટ સંબંધને દર્શાવે છે.ભૌગોલિક પરિસ્થિતિઓ લોકસાહિત્યમાં વિવિધતા લાવે છે. રણપ્રદેશના લોકસાહિત્યમાં ઊંટ, પાણી, અને રેતીના તોફાનનો ઉલ્લેખ હોય છે, જ્યારે દરિયાકિનારાના લોકસાહિત્યમાં બોટ, માછલી, અને દરિયાના ઊંડાણનું વર્ણન હોય છે. આ ભૌગોલિક તફાવત લોકસાહિત્યને પ્રાદેશિક ઓળખ આપે છે.

**(૮) ધાર્મિક અને આસ્થા:**

ધર્મ અને આસ્થા એ લોકસાહિત્યના સૌથી શક્તિશાળી પ્રેરકબળોમાંનું એક છે. માનવી હંમેશા અલૌકિક શક્તિઓ અને જીવન-મૃત્યુના રહસ્યોને સમજવાનો પ્રયાસ કરતો રહ્યો છે. આ પ્રયાસોએ લોકસાહિત્યને જન્મ આપ્યો.જેમ કે પૌરાણિક કથાઓ અને દંતકથાઓમાં ધાર્મિક કથાઓ, પૌરાણિક દંતકથાઓ અને ચમત્કારોની વાતો લોકસાહિત્યનો મોટો હિસ્સો છે.ભગવાન, દેવી-દેવતાઓ, સંતો અને પીર-પેગંબરોના જીવન અને ચમત્કારોને વર્ણવતી કથાઓ લોકમાનસમાં ઊંડી અસર છોડે છે ભારતીય લોકસાહિત્યમાં, રામાયણ અને મહાભારત જેવી મહાકાવ્યોની કથાઓ વિવિધ પ્રાદેશિક સ્વરૂપોમાં જોવા મળે છે. આ કથાઓ સ્થાનિક બોલી, રીત-રિવાજો અને પરંપરાઓ સાથે ભળીને એક નવું સ્વરૂપ ધારણ કરે છે. આ કથાઓ લોકોના જીવનના સંઘર્ષો, નીતિમત્તા, અને કર્મના સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવે છે.

ભજનો અને સ્તોત્રો પણ ભક્તિભાવ એ લોકગીતોનો મુખ્ય સ્રોત છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા, કબીર જેવા સંતોના ભજનો લોકજીવનનો અભિન્ન અંગ બની ગયા છે. આ ભજનો માત્ર ધર્મની વાત નથી કરતા, પરંતુ જીવનના તત્ત્વજ્ઞાનને પણ સરળતાથી સમજાવે છે. લોકનૃત્યો ધાર્મિક વિધિઓ અને તહેવારો સાથે જોડાયેલા છે. ગરબા, રાસ, અને અન્ય ધાર્મિક નૃત્યો આસ્થા અને આનંદનું સંયોજન છે, જે લોકસાહિત્યને દૃશ્ય સ્વરૂપમાં રજૂ કરે છે.ધાર્મિક વિધિઓ અને તહેવારો નવરાત્રિ, દિવાળી, હોળી, અને રક્ષાબંધન સાથે સંકળાયેલા લોકગીતો અને નૃત્યો માત્ર આનંદનો સ્રોત નથી, પરંતુ તે ધાર્મિક વિધિઓનું પ્રતિબિંબ છે.નવરાત્રિના ગરબામાં માતાજીની સ્તુતિ, તેમની શક્તિનું વર્ણન, અને ભક્તોની ભક્તિભાવના વ્યક્ત થાય છે. આ ગીતો પેઢી દર પેઢી ધાર્મિક પરંપરાઓનું જ્ઞાન આપતા રહે છે.

**(૯) નૈતિકતા અને જીવનમૂલ્યો:**

માનવીના જીવનમાં નૈતિકતા અને જીવનમૂલ્યોનું સ્થાન અત્યંત અગત્યનું છે. મનુષ્યને માત્ર જૈવિક પ્રાણી તરીકે નહીં, પરંતુ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સત્તા તરીકે ગૌરવ આપનારી બાબતોમાં નૈતિકતા અને જીવનમૂલ્યોનો સર્વોપરી હિસ્સો છે. સમાજના આ મૂલ્યો પેઢીદર પેઢી સુધી પહોંચે તે માટે લોકસાહિત્ય મહત્વની ભૂમિકા ભજવે છે. લોકસાહિત્ય એટલે લોકજીવનના અનુભવો, વિચારધારા, પરંપરા, માન્યતાઓ અને આદર્શોને જનસામાન્યની ભાષામાં વ્યક્ત કરેલું સાહિત્ય. તેમાં ગીતો, કાવ્યો, લોકકથાઓ, કહેવતો, રમતો, ખ્હેલીઓ, પ્રસંગો, તહેવારો અને અનેક લોકરૂપોનો સમાવેશ થાય છે.

પરંપરાગત સમયમાં શિક્ષણના આધુનિક સાધનો ન હતાં. ત્યારે લોકસાહિત્ય જ લોકો માટે નૈતિક શિક્ષણ અને જીવનમૂલ્યોનું મુખ્ય સાધન બન્યું. માતા-પિતા, વડીલો, ભટગાયકો, વાર્તાકારો અને ગાયક મંડળીઓ દ્વારા બાળકોને અને યુવાનોને મૂલ્યશિક્ષણ આપવામાં આવતું. આ રીતે લોકસાહિત્ય "જીવનશાળા" તરીકે કાર્યરત રહ્યું.

લોકસાહિત્ય માનવજીવનના સંસ્કાર, પરંપરા અને આદર્શોને પેઢીથી પેઢી સુધી પહોંચાડવાનું મહત્વનું માધ્યમ છે. તેમાં નૈતિકતા અને જીવનમૂલ્યો મુખ્ય પ્રેરકબળ તરીકે કાર્ય કરે છે. લોકગીતો, કહેવતો, લોકકથાઓ અને લોકપ્રવચનોમાં સદાય સત્ય, શ્રમ, દયા, પરોપકાર, સહકાર અને ભક્તિ જેવા નૈતિક સંદેશો પ્રગટ થાય છે. કહેવતો જેમ કે "જેમ કરશો તેમ ભરશો" અથવા "ધીરજ ધરે તે સુખે ફરે" જીવનના આધ્યાત્મિક તથા સામાજિક મૂલ્યોને ઉજાગર કરે છે. લોકકથાઓમાં સદગુણોનો વિજય અને દુર્ગુણોનો પરાજય વારંવાર દર્શાવવામાં આવે છે. લોકગીતો શ્રમનો મહિમા, કુટુંબપ્રેમ, માનવતાવાદ અને એકતાને પ્રોત્સાહન આપે છે.

લોકસાહિત્ય માત્ર મનોરંજન પૂરતું જ નથી, પરંતુ તે નૈતિક શિક્ષણનું જીવંત સાધન છે. પરંપરાગત સમાજમાં શિક્ષણની અભાવવાળી પરિસ્થિતિમાં લોકસાહિત્ય જ જીવનશાળા તરીકે કાર્યરત રહ્યું છે. તે વ્યક્તિગત જીવનને સાર્થક બનાવે છે અને સામાજિક એકતા તથા સુખાકારી તરફ દોરી જાય છે.

**(૧૦) વીરતા અને સાહસિકતા:**

લોકસાહિત્ય માનવજીવનની સંસ્કૃતિ, પરંપરા અને આદર્શોના જીવંત વારસાનો અભિન્ન ભાગ છે. વીરતા અને સાહસિકતા લોકસાહિત્યના મુખ્ય પ્રેરકબળો પૈકીના છે. લોકકથાઓ અને લોકગીતોમાં વીર યોદ્ધાઓ અને સાહસિક પાત્રોની ગાથાઓ દ્વારા આ ગુણોને ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. આ પાત્રો સમાજને પ્રેરણા આપે છે અને શૌર્ય, બલિદાન, અને નિડરતાના આદર્શો સ્થાપિત કરે છે.

લોકકથાઓમાં સાહસિક પ્રવાસો, અજાણ્યા સ્થળોની શોધ, અને અશક્ય લાગતા કાર્યોને પાર પાડવાની વાર્તાઓ પણ જોવા મળે છે. 'સોરઠી બહારવટિયા' અને 'હીર-રાંઝણ' જેવી પ્રેમકથાઓમાં પણ પાત્રો અદમ્ય સાહસ બતાવીને મુશ્કેલીઓનો સામનો કરે છે. આ વાર્તાઓ સાહસિકતાને ફક્ત શારીરિક બળ સાથે જ નહીં, પણ માનસિક દ્રઢતા, ચાતુર્ય, અને આત્મવિશ્વાસ સાથે જોડે છે. 'કાઠિયાવાડના બહારવટિયા' અને 'સોરઠી દાતાઓ'જેવી વાર્તાઓમાં વીરતા માત્ર લડાઈ પૂરતી સીમિત નથી, પરંતુ વચનપાલન, શરણાગતનું રક્ષણ, અને અન્યાય સામે લડવા જેવી ઉમદા ભાવનાઓ સાથે જોડાયેલી છે. ઉદાહરણ તરીકે, જોગીદાસ ખુમાણ જેવા બહારવટિયાઓએ ગરીબોને મદદ કરી અને અન્યાયી શાસકો સામે બંડ પોકાર્યું હતું.

આમ, લોકસાહિત્યમાં વીરતા અને સાહસિકતાનું નિરૂપણ માત્ર કલ્પના કે મનોરંજન પૂરતું સીમિત નથી, પરંતુ તે સમાજને જીવંત રાખતા અને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપતા મૂળભૂત સિદ્ધાંતો છે.

**(૧૧) આર્થિક પ્રેરકબળ:**

આર્થિક પ્રેરકબળો માનવીના જીવનસંઘર્ષ અને શ્રમજીવનની પ્રતિબિંબતા દર્શાવે છે. ખેડૂતગીતો, શ્રમગીતો, માછીમાર ગીતો, વ્યવસાયથી જોડાયેલા લોકનાટ્ય લોકોની રોજિંદી મહેનત, સંઘર્ષ અને જીવનભરની લાગણીઓનો ઉદાહરણ છે. ઉદાહરણ તરીકે, *"હળ ચઢાવીએ, વાવણી કરીએ"* આ પંક્તિઓ માત્ર ખેતીની ક્રિયા નહીં, પરંતુ માનવીની મહેનત, પરિશ્રમ અને જીવન માટેની પ્રતિબદ્ધતાનું કાવ્યાત્મક પ્રદર્શન છે. આર્થિક પ્રેરકબળ લોકસાહિત્યને વાસ્તવિકતા અને જીવનના વ્યવહાર સાથે જોડે છે, જેથી તેનો પ્રભાવ દરેક પેઢી સુધી પહોંચે.

**ઉપસંહાર:**

લોકસાહિત્યના પ્રેરકબળોના આ ઊંડાણપૂર્વકના અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે લોકસાહિત્ય કોઈ એક પરિબળનું પરિણામ નથી, પરંતુ તે ધર્મ, સમાજ, ઇતિહાસ, ભૂગોળ, અને માનસિકતાના ઊંડાણપૂર્વકના પ્રવાહોનું સંયુક્ત સ્વરૂપ છે. લોકસાહિત્ય એ માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે એક જીવંત પ્રવાહ છે જે પેઢી દર પેઢી જ્ઞાન, મૂલ્યો, અને સંસ્કૃતિનું સંવર્ધન કરે છે. ધાર્મિક કથાઓ અને ભજનો દ્વારા તે સમાજમાં નૈતિકતાનું સિંચન કરે છે, જ્યારે સામાજિક ગીતો અને કથાઓ દ્વારા તે કુટુંબિક સંબંધો અને સામાજિક બંધનોને જીવંત રાખે છે. ઐતિહાસિક અને વીરતાની ગાથાઓ લોકોમાં સ્વાભિમાન અને શૌર્યની ભાવના પ્રજ્વલિત કરે છે, જ્યારે ભૌગોલિક અને પ્રાકૃતિક પરિબળો તેને પ્રાદેશિક ઓળખ આપે છે.આધુનિક યુગમાં, જ્યાં ટેકનોલોજી અને વૈશ્વિકીકરણનું પ્રભુત્વ વધી રહ્યું છે, ત્યાં લોકસાહિત્યના આ પ્રેરકબળોનો અભ્યાસ વધુ સુસંગત બને છે. તે આપણને આપણા મૂળિયાં, પરંપરાઓ અને સામાજિક મૂલ્યો સાથે જોડી રાખે છે. લોકસાહિત્યનું સંરક્ષણ અને પ્રસારણ એ માત્ર

સાંસ્કૃતિક ફરજ નથી, પરંતુ માનવતાના અસ્તિત્વ માટે પણ જરૂરી છે, કારણ કે તે આપણને આપણી સહિયારી ઓળખ અને જીવંત વારસાનું ભાન કરાવે છે.

લોકસાહિત્યના દરેક પ્રેરકબળો માનવજીવનના અલગ-અલગ પાસાઓનું પ્રતિનિધિત્વ કરે છે. ધાર્મિકતા માનવને શ્રદ્ધાશીલ બનાવે છે, સામાજિકતા એકતાનો સંદેશ આપે છે, પ્રકૃતિ સાથેનો સંબંધ માનવને પર્યાવરણપ્રેમી બનાવે છે, ઐતિહાસિકતા ગૌરવભાવ જગાવે છે, પરંપરા સાંસ્કૃતિક જડતા જાળવે છે, તો મનોરંજન જીવનને હળવું બનાવે છે. લોકસાહિત્ય એ માનવજીવનના સુખ-દુઃખ, આશા-વિરહ, ભક્તિ અને જીવનમૂલ્યોનું પ્રતિબિંબ છે તેમજ સામૂહિક અનુભૂતિઓ અને અનુભવનો જીવંત આલેખ પણ છે. લોકસાહિત્ય એ દરેક લોકસમુદાયના આંતરમનો અભિવ્યક્તિનો માધ્યમ છે જેથી લોકસાહિત્ય સંસ્કૃતિક, સામાજિક અને માનવીય મહત્વને ઉજાગર કરે. લોકસાહિત્ય એ સમાજ જીવનનું સહજ પ્રતિબિંબ છે. તે "સમૂહની આત્માની કલાત્મક અભિવ્યક્તિ" છે. માનવીનો પ્રથમ સાહિત્યિક અનુભવ લેખિત નહીં પરંતુ મૌખિક હતો. ગીત, વાર્તા, કહેવત, દંતકથાઆ બધું જ લોકોના જીવનમાંથી જન્મેલું છે. અંતે, કહી શકાય કે લોકસાહિત્ય એક એવો અખૂટ ભંડાર છે જે માનવજીવનના તમામ પાસાઓને આવરી લે છે અને આપણને પ્રેરણા આપર છે.

**સંદર્ભસૂચિ :**

૧. મેઘાણી, ઝવેરચંદ. (૧૯૪૩). લોકસાહિત્ય: ધરતીનું ધન. અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
૨. શુક્લ, ચંદ્રલાલ. (૧૯૬૭). ગુજરાતનું લોકસાહિત્ય: એક વિવેચનાત્મક અભ્યાસ. રાજકોટ: પ્રવીણ પ્રકાશન.
૩. કાપડિયા, હીરાલાલ. (૧૯૮૮). લોકસાહિત્યનાં પ્રેરકબળો અને સ્વરૂપો. મુંબઈ: નવભારત પ્રકાશ
૪. અગ્નિહોત્રી, વિનોદ. ગુજરાતી લોકસાહિત્ય. અમદાવાદ : સંસ્કાર પ્રકાશન, 1998.
૫. જોશી, ઉમાશંકર. લોકસાહિત્યના સ્વરૂપો. અમદાવાદ : નવી સદી પ્રકાશન, 1972.
૬. પટેલ, રમેશ. લોકસાહિત્યનો વૈજ્ઞાનિક અભ્યાસ. રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પ્રકાશન, 2004.
૭. પરમાર, જયમલ. ગુજરાતનું લોકજીવન. ભાવનગર : શ્રી સાહિત્ય પ્રકાશન, 2010.
૮. જોષી, રમણલાલ. ગુજરાતી આખ્યાન સાહિત્ય. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, 1987.
૯. દેસાઈ, કનૈયાલાલ. ગુજરાતી લોકસાહિત્યનો પરિચય. વડોદરા : મહારાજા સાયાજીરાવ યુનિવર્સિટી, 1965.
૧૦. પટેલ, હિતેશ. લોકગીતો અને લોકકથાઓનું લોકજીવનમાં સ્થાન. સુરત : ગૂર્જર સાહિત્ય પ્રકાશન, 2015.
૧૧. વ્યાસ, હરિપ્રસાદ. લોકસાહિત્ય : સ્વરૂપ અને મહત્તા. અમદાવાદ : સંસ્કાર પ્રકાશન, 2009.
૧૨. ગુજરાતી લોકગીતોમાં પ્રકૃતિપ્રેરક તત્વો."ગુજરાતી સાહિત્ય સંશોધન પત્રિકા, ખંડ ૪, અંક ૨, 2017.
૧૩. ભારતીય સમાજ અને લોકસાહિત્ય: એક અભ્યાસ." ભારતીય લોક*સંસ્કૃતિ*, ખંડ ૨, 2012.
૧૪. "વીરગાથાઓનું સામાજિક-સાંસ્કૃતિક વિશ્લેષણ." *સૌરાષ્ટ્ર સાહિત્ય*, અંક ૧૧, 2018
૧૫. ડંડેસ, એલન. (1980). Interpreting Folklore Bloomington: Indiana University Press.
૧૬. થોમ્પસન, સ્ટિથ. (1977). The Folktale Berkeley University of California Press.
૧૭. બાસકોમ, વિલિયમ આર. (1954). Four functions of folklore. *Journal of American Folklore*, 67(266), 333–349.
૧૮.હાંડૂ, જવાનીલાલ. (1989). *Folklore: An Introduction*. Mysore: Central Institute of Indian Languages.